# અંકલેશ્વર-ભરૂચની બે હોસ્પિટલનો રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

રાષ્ટ્રપતિ ડૉ. પ્રણવ મુખરજીએ ભરૂચ અને અંકલેશ્વર ખાતે માનવતાના સેવાકાર્ય સાથે જોડાયેલી બે હોસ્પિટલનું લોકાર્પણ કરી, દેશમાં




સુદૃઢ સમાજના નિર્માણ માટે આરોગ્યની સેવાઓ ખુબ જ આવશ્યકતા પર ભાર મુક્યો હતો.

રાષ્ટ્રપતિએ ભરૂચ-અંકલેશ્વર વિસ્તારમાં વસતા અદના માનવીઓને ઘરઆંગણે નજીવા દરે અત્યાધુનિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા બદલ ટ્રસ્ટીઓને શુભઆશિષ આપ્યા હતા.

રાષ્ટ્રપતિ ડૉ. પ્રણવ મુખરજીએ નમામી નર્મદેના સમીપે અંકલેશ્વર ખાતે અત્યાધુનિક સરદાર પટેલ હોસ્પિટલ અને હાર્ટ ઈન્સ્ટીટ્યુટને આરોગ્ય સેવામાં સમર્પિત કરી તે અવસરે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, જિલ્લા પ્રભારી મંત્રી પ્રદીપસિંહ જાડેજા, રાજ્યસભા સાંસદ અહમદભાઈ પટેલ, ભરૂચ પુ. મોરારી બાપુ સહિત અગ્રણીઓ તેમની સાથે જોડાયા હતા.

રાષ્ટ્રપતિશ્રીએ આ વિસ્તારના લોકોના આરોગ્યની સુવિધાઓ મળી રહે તે માટે ભુતકાળમાં સરદાર પટેલે જે ભાવનાને ઉજાગર કરી હતી તેનો ઉલ્લેખ કરીને રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશની એકતાને જોડી છે. એવા વ્યક્તિને હોસ્પિટલ સાથે જોડીને માનવતાના સેવા કાર્યમાં નવી ઉડાન ભરી છે. જેના ફળ સ્વરૂપે આજથી ૧૦૦ બેડની સુવિધા સાથેની હોસ્પિટલ આધુનિક આરોગ્યની સેવાઓ સાથે લોકો માટે આશીર્વાદ સમાન રહેશે.

પ્રારંભમાં રાષ્ટ્રપતિએ હોસ્પિટલ સંકુલમાં સરદાર પટેલ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

પુ. મોરારી બાપુએ આરોગ્ય સેવાના ઉત્તમ કાર્ય માટે ટ્રસ્ટીમંડળને શુભકામના પાઠવી હતી. તેમણે આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે, સંવેદના માનવસમાજના ઉત્થાન માટે આવશ્યક છે. સત્ય, પ્રેમ, કરૂણા સાથે અભાગીઓમાં રહેલા ઈશ્વરની સેવા કરવાથી પરમાત્માના મિલન સાથે સ્વર્ગનું નિર્માણ થશે, ત્યારે જ પુ. મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન સાકાર થશે.

રાજ્ય સભાના સાંસદ અહમદ પટેલે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલ અને હાર્ટ ઈન્સ્ટીટ્યુટની પ્રેરણા પુ. મહાત્મા ગાંધીજીની કરૂણા સાથે મળી છે. નમામી નર્મદા પુણ્ય સલીલા સમીપેના લોકોને આરોગ્યની સારી સુવિધા પ્રાપ્ત થશે.

સરદાર પટેલ હોસ્પિટલમાં આધુનિક સુવિધા ઉભી થવાથી અહીંના લોકોને સુરત કે વડોદરા જવું નહી પડે.

સરદાર પટેલ હોસ્પિટલના આધુનિકરણ કાર્યક્રમ અવસરે દાતાઓ, દેશ-વિદેશના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




પ્રારંભમાં સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલના ટ્રસ્ટી કમલેશભાઈ ઉદાણીએ સૌને આવકાર્યા હતા. જ્યારે આભાર વિવિધ ટ્રસ્ટના એડવાઈઝરી કમિટીના ચેરમેન ફયઝલ પટેલે કરી હતી.

## ગાંધીનગર ખાતે ડૉ. આંબેડકર ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ડૉ.બી.આર. આંબેડકર કો.ઓપરેટીવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝ ફેડરેશન લિ.નો આજરોજ ઉદ્‌ઘાટન સમારંભ



સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામ પરમારના અધ્યક્ષ સ્થાને કડી સર્વ વિશ્વ વિધાલયના શેઠ ખીમજી વિશ્રામ હોલ ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામભાઈ પરમારે જણાવ્યું હતું કે, એક સમય હતો કે, જેનામાં તાકાત હતી, તેઓ શાસન કરતાં, પછીના એક સમયે જેમનામાં બૃદ્ધિ હતી. તેઓ શાસન કરવા લાગ્યા. આજનો સમય એવો છે કે, જેમનામાં સંઘશક્તિ છે તેઓ શાસનમાં પણ અગ્રેસર રહી શકે છે. અર્થાત ' સંઘશક્તિ કલિયુગે' ની ઉક્તિ આજે યથાર્થ પુરવાર થઈ રહી છે. આવા સમયે આખાય રાજયના અનુસૂચિત જાતિની ધિરાણ મંડળીઓનો ડૉ. બી.આર. આંબેડકર કો.ઓ.ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝ ફેડરેશન હેઠળ એક થવાનો આજનો આ પ્રસંગે ખૂબ જ ઐતિહાસિક છે.

ડૉ. બી.આર.આંબડેકર કો.ઓ.ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝ ફેડરેશનને સરકાર તરફથી પૂર્ણ સહકારની ખાત્રી આપી, સમાજમાં જયાં પણ સમાજસેવા માટે કોઈ જ સ્વાર્થ વિના કેવળ સમાજના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ થાય છે, તેમાં રાજય સરકાર પણ હમેંશા ઉદાર હાથે સહાયરૂપ થાય જ છે અને બની રહેશે, તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમની ભૂમિકા પુરી પાડતા પોતાના સ્વાગત પ્રવચનમાં ડા. બી.આર.આંબેડકર કો.ઓ.ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝ ફેડરેશન લિ.ના મુખ્ય પરયોજક શ્રી અમૃતલાલ એમ. પરમારે રાજયના અનુસૂચિત જાતિના ૯૦ ટકા વર્ગ જીવન નિર્વાહની સમસ્યાઓ ભોગવે છે. ત્યારે તેમને સમયસર ઓછા વ્યાજે ધિરાણ મળે અને એમના આર્થિક પ્રશ્નો હલ થાય તે માટે ક્રેડિટ સોસાયટીઓ એક મોટો વિકલ્પ અને ઉપકારક પરિબળ સિધ્ધ થઈ શકે તેમ છે.

આ સમારંભમાં ગુજરાત સ્પોર્ટસ ઓથોરીટીના સચિવ ડા. ડી.ડી.કાપડિયા, ગાંધીનગર જિલ્લા સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર ઉર્વીશ બ્રહ્મભટ્ટ, ગુજરાત રાજય સફાઈ કામદાર નિગમના પૂર્વ ચેરમેન મહેન્દ્રભાઈ પરમાર, મહેસુલના નિવૃત્ત અધિક સચિવ શ્રી એમ.બી.પરમાર સહિત રાજયભરની અનુસૂચિત જાતિની ધિરાણ મંડળીઓના હોદેદારો – મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

## લોક રક્ષક દળની પરીક્ષા શાંતિપૂર્ણરીતે પૂર્ણ કરાઈ

ગુજરાતભરમાં આજે લોકરક્ષક માટેની પરીક્ષા લેવામાં આવી હતી. અમદાવાદ સહિતના ૨૭૦૦ સેન્ટરો ઉપર આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં



લેવામાં આવી હતી. ૧૭૦૦૦ જગ્યાઓ ભરવા માટે લેવામાં આવેલી આ પરીક્ષામાં સાત લાખ ઉમેદવારો હોવાનું જાણવા મળ્યું છે. આજે બપોરના ગાળામાં ૧૨થી એક વચ્ચે આ પરીક્ષા લેવામાં આવી હતી. બીજી બાજુ રાજકોટ અને અન્ય વિસ્તારોમાં પણ શાંતિપૂર્ણ માહોલમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. અમદાવાદમાં તમામ પરીક્ષા સેન્ટરો ઉપર પુરતી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. ગેરરીતિને ટાળવા માટે પણ પગલા લેવામાં આવ્યા હતા. મળેલી માહિતી મુજબ આ પરીક્ષામાં ૧૦૦ પ્રશ્નોના જવાબ આપવાના હતા. એટલે કે એક પ્રશ્ન માટે ઉમેદવારોને ૩૬ સેકન્ડ આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં ૪૭૧૯૦ ઉમેદવારો નોંધાયા હતા જેને લઈને રાજકોટમાં ૧૩૨ બિલ્ડિંગો પર પરીક્ષા લેવામાં આવી હતી. અન્ય જિલ્લાના ઉમદેવારો પણ અમદાવાદ અને રાજકોટ સહિતના અન્ય સેન્ટરો ઉપર પહોંચ્યા હતા. પરીક્ષાને લઈને ઉમેદવારોમાં ભારે ઉત્સુકતા અને ઉત્તેજના સ્પષ્ટપણે દેખાઈ રહી હતી. લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા દરેક બિલ્ડિંગ ઉપર એક એક સરકારી પ્રતિનિધિ મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત રેવન્યુ અને પોલીસ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ પણ પરીક્ષાની દેખરેખ માટે મુકવામાં આવ્યા હતા.

પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. પહેલાથી જ પરીક્ષાના સેન્ટરો ઉમદેવારોને મળી ગયા હતા જેથી કોઈ અંધાધૂંધી જોવા મળી ન હતી. પરીક્ષાના સંદર્ભમાં કોઈપણ ઉમેદવાર તરફથી પ્રાથમિક પ્રતિક્રિયાઓ જાણી શકાય નથી પરંતુ સાત લાખ ઉમેદવારો ૧૭ હજાર જગ્યાઓ માટે આવ્યા હતા જે ખુબ મોટો આંકડો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## મુદ્રા યોજનાથી ૫૦૧ રિક્ષા ચાલકોને રિક્ષા અર્પણ કરાઈ

અમદાવાદ, તા.૨૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીની સંવેદનશીલ સરકારે સુરતના અદના રીક્ષાચાલકોનેપોતીકી રીક્ષાની ભેટ આપી દિવાળના દિવસોમાં તેમના ઘરમાં



આર્થિક ઉજાસ પાથર્યો છે. ગરીબો પ્રતેયની સંવેદના સાતે કાર્ય કરી રહેલી આ સરકારે પ્રજાકલ્યાણ માટેના લીધેલા પગલાઓથી છણાવટ કરતા વિધવા પેન્શન, સીકલસેલ એનિમિયાના દર્દીઓ માટેની સહાય યોજના, જેવી યોજનાઓની વિગતો રજુ કરીને, સૌનો સાથ સૌનો વિકાસના સુત્રને વરેલી રાજય સરકારે જ્યાં માનવી ત્યા સુવિધા સુત્રને આગળ વધારવાની નેમ વ્યક્ત કરી હતી. પરીવારજનોના ઘરે સોનાનો સુરજ પ્રગટાવનારા સ્થાનિક જનપ્રતિનિધિઓને અભિનંદન પાઠવી, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૌને દિવાળીની શુભકામના પાઠવી હતી. સમાજના અકિંચન માટે આર્શીવાદરૂપ કાર્ય કરવા બદલ સાંસદ સીઆર પાટીલ, અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલની સમાજ પ્રત્યેન લાગણી અને સંવેદનાને બિરદાવી મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ડામમંડ સીટી સુરતને આંગણે રોજગારીનું સર્જન કરવામાં આ કાર્ય નવા આયામો સર કરશે તેમ જણાવ્યુંહતું. આમ આદમીને ભાડાની રીક્ષા ફેરવતા રીક્ષાચાલકોને શ્રમિકમાંથી માલિક બનાવવાની આ યોજના ઉપરાંત સુરતના જરૂરીયાતમંદોને પોતાના ઘરનું ઘર સમર્પિત કરાયું છે. તેમ જણાવ્યુ હતું. દેશના વંચિતો, શોષિતો, દલિતો માટે ખુબ જ સંવેદના સાથે કાર્ય રહેલી ગુજરાત અને ભારતની વર્તમાન સરકારે દિવ્યાગોને પણ સ્વમાનભેર જીવવાનો અધિકાર મળી રહે તેવા પ્રયાસો કર્યા છે. તેમ જણાવ્યું હતું. રૂપાણીએ ભાજપાની આ સરકારે ગરીબોના બેલી જેવા ગરીબ કલ્યાણ મેળાઓની ઝાંખી પણ રજુ કરી હતી. તેમણે સીએનજી નેટવર્કનું સૌથી મોટું માળખુ ધરાવતા ગુજરાતે ઘરેઘર સુધી સસ્તો ગેસ પુરો પાડીને પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ અનોખું યોગદાન આપ્યું છે. તેમ જણાવ્યું હતું.

## બે દાયકાની મહેનત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સશક્ત કરનારૂં સૌથી વધુ મહત્વનું પરિબળ એ કેળવણી છે. તેમણે જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી એ જ રીતે રવિન્દ્રનાથ ટાગોરે કલકત્તામાં વિશ્વભારતીની સ્થાપના કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે, ભારત છેલ્લા વર્ષોમાં સતત વિકાસ કરી રહ્યું છે. આમ છતાં વિશ્વની શ્રેષ્ઠ ૨૦૦ યુનિવર્સિટીઓમાં દેશની કોઈ યુનિવર્સિટીનું સ્થાન ન હોય તે ખેદજનક છે. તેમણે દેશના શિક્ષિત યુવાનોને આહવાન કરતાં જણાવ્યું હતું કે, દેશ અને સમાજે આવા શ્રેષ્ઠ શિક્ષિત યુવાનોના ઘડતર માટે ઘણું જ યોગદાન આપ્યું છે. હવે આ શિક્ષિત યુવાનોએ સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારીને પરિવર્તનના વાહક બનવું પડશે. દેશના શ્રેષ્ઠ વિકાસ માટે નિમિત બનવું પડશે. શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપીને ભારતને વિશ્વમાં પ્રસ્થાપિત કરવું પડશે.

રાજયપાલશ્રી ઓ. પી. કોહલીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આર્થિક વિકાસમાં ઉચ્ચ શિક્ષણની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. વિકાસની તેજ ગતિના મૂળમાં પણ શિક્ષણ રહેલું છે. દેશ આર્થિક વિકાસના ક્ષેત્રમાં ખૂબ જ મજબૂત રીતે આગળ વધી રહ્યો છે. આ વિકાસને વધુ ગતિ આપવા માટે ગુણાત્મક શિક્ષણ આપવું જરૂરી છે. ગુણાત્મક શિક્ષણની સાથે જીવનમૂલ્યો પણ જાળવવા પડશે.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ અને ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી શંકરસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કરતાં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી અને રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની સેવાકીય અને રાજકીય કારકિર્દીનો પરિચય આપીને તેઓશ્રીઓનો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા ઉપસથિત રહેવા બદલ આભાર માન્યો હતો.

આ પ્રસંગે ઈગ્નુના પૂર્વ ઉપકુલપતિ અને કોલેજના બોર્ડ ઓફ ગવર્નન્સ શ્રી પી. કે. મહેતાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે કાયદા અને પ્રોટોકોલ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, ધારાસભ્ય અને બાપુ કોલેજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, બોર્ડ ઓફ ગવર્નન્સ શ્રી નયન પારેખ સહિત મોટી સંખ્યામાં આગેવાનો, પ્રોફેસરો અને તેજસ્વી વિદ્યાર્થીઓ ઉપસથિત રહ્યા હતા.

## કાયદો અને કાનૂન... ● ૪ પાનાનું ચાલુ...

૨૦૦૫ માં ૭૭, ૨૦૦૬ માં ૪૦ જણાને ૨૦૦૭માં ૧૦૦ જણાને મૃત્યુ દંડ આપવામાં આવ્યો છે.

કોઈને જીવન આપી શકતા ના હોય તો કોઈનું જીવન છીનવવાનો કોઈ એક વ્યક્તિને અધિકાર નથી. હજારો લાખો નિર્દોષ માનવીઓને કોઈ જ કારણ વગર ક્ષણમાત્રમાં મોતને ઘાટ ઉતારનાર ઉપર માનવાધિકાર રાખવો યોગ્ય નથી તેમ છતાં દુનિયામાં સારા દેખાવા માટે લોકો આ અભિગમ અપનાવી રહ્યા છે જે બેવજુદ છે.

માનવનો માનવી સામેના અધિકારનો ભંગ અનુચીત ગણાય તો નિર્મમ હત્યાનો ગુનો માનવાધિકારના નામે ઉચીત કેવી રીતે ગણાય? જો આવા લોકોની ઉપર દયાભાવ રાખી છોડી મુકવામાં આવશે તો દુનિયામાં ત્રાસવાદ નાબુદ થવો અશકય છે, અમાનુષી આંતવાદ ફેલાવનારને માનવ અધિકાર માંગવાનો કોઈ જ હક્ક અધિકાર મળતો નથી.

સમાજ અને માનવતાને નેસ્તનાબુદ કરી ગુનાખોરી આચરી માનવાધિકાર ભંગ કરનાર સામે માનવાધિકારનો ઉપયોગ ના થાય તો સ્વાભાવિક છે સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ સરકાર તથા કાયદાનું છે તેમાં અડચણરૂપ વ્યક્તિને માફી આપી શકાય નહિ નહિતર સમાજ જીવન અસ્ત-વ્યસ્ત થાય અને આમ આદમીની સલામતી, શાંતિ જોખમાય.

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ ૩૫૪(૩) માં કરવામાં આવેલા સુધારા મુજબ મૃત્યુ દંડ ફરમાવનાર જજે વિશેષ કારણોની સ્પષ્ટતા કરવી પડે છે ત્યારબાદ જ મૃત્યુ દંડ રેરેસ્ટ ઓફ રેર કેસ સાબીત સહ પુરાવા સહિત સજા ફરમાવવામાં આવતી હોય છે તેમાં માનવાધિકાર લાવવો ઉચીત તથા ન્યાયોચીત કયારેય હોઈ જ ના શકે.

ગુજરાતના ભારદ્વાજ ઉપરાંત બીજા પણ બે ગુજરાતી કાયદા પંચમાં સભ્ય તરીકે હમણાં નિયુક્ત થયા છે અને તેઓ આ કવાયતમાં જોડાયા છે. તેમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કુલપતિ ડો. બિમલ પટેલ અને વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ રવિ ત્રિપાઠીનો સમાવેશ છે.અભય કહે છે કે વડા પ્રધાને અમને આ નવો ઈતિહાસ સર્જવાની પ્રક્રિયામાં સહભાગી બનાવ્યા એ બાબત ગૌરવ લઈ શકાય તેવું છે.

આગામી ૨૦૫૦ સુધીમાં ભારત વિશ્વમાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ બની જશે એવા અભ્યાસોના તારણો મુસ્લિમોને અલગાવવાદથી મુખ્ય ધારા ભણી વાળવાની અનિવાર્યતા દર્શાવે છે. અત્યારે ભારતમાં એક પાકિસ્તાન જેટલી મુસ્લિમ વસ્તી છે. વિશ્વમાં અત્યારે સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ ઈન્ડોનેશિયા છે. એ પછીના ક્રમે પાકિસ્તાન અને તે પછી ભારતનો ક્રમ આવે છે. મુસ્લિમ વસ્તી જે રીતે વધી રહી છે એ જોતાં ૨૦૫૦ સુધીમાં ભારતની કુલ વસ્તીમાં ૧૮ ટકા પ્રમાણ હશે. અત્યારે એ ૧૭.૨૨ ટકા છે. જોકે, ૨૦૫૦માં પણ ભારત હિંદુ બહુમતી ધરાવતો દેશ હશે અને તેની કુલ વસ્તીમાં ૭૭ ટકા હિંદુ હશે એવા સંકેતો મળી રહ્યા છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ વસ્તી ૧૨૧ કરોડ છે અને તેમાં ૭૯.૮૦ ટકા એટલે કે ૯૬.૬૨ કરોડ જેટલા હિંદુ છે અને ૧૭.૨૨ કરોડ એટલે કે ૧૭.૨૨ ટકા મુસ્લિમ છે. ખ્રિસ્તી વસ્તી ૨.૭૮ કરોડ એટલે કે ૨.૩ ટકા જેટલી છે.

છેક ૧૯૬૧ સુધી ગોવા પોર્ટુગીઝ શાસન હેઠળ હતું અને એની હિંદુ, મુસ્લિમ કે ખ્રિસ્તી વસ્તી માટે સમાન નાગરી ધારો છેલ્લાં ૫૦૦ વર્ષથી અમલમાં છે. ગોવામાં જો આ ધારો કોઈ ધર્મને નડતરરૂપ ના થતો હોય તો બંધારણના આદેશ મુજબ એ સમગ્ર દેશમાં અમલી બનાવાનાં કોઈ ધર્મ કે સંપ્રદાયને નડતરરૂપ કઈ રીતે બની શકે?વળી ગોવાના કોંગ્રેસી આગેવાન અને ભારત સરકારમાં પણ કાયદા પ્રધાન રહેલા રમાકાંત ખલપ જેવા અગ્રણીઓ તો એને દેશવ્યાપી બનાવવા રીતસર ઝુંબેશ ચલાવી રહ્યા છે. હવે એનું સુકાન વડા પ્રધાન મોદી સંભાળતાં ભારતમાં ફોજદારી અને બીજા કાયદાઓની જેમ કુટુંબને લગતા કાયદાઓમાં પણ સમાન કાયદાકીય જોગવાઈઓ શક્ય બનશે.

- haridesai@gmail.com

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

કલમ ૫૧ (એ) (ઈ) અન્વયે કરી હતી એટલે હવે તો માત્ર મુસ્લિમ જ નહીં, ખ્રિસ્તી મહિલાઓને અને હિંદુ મહિલાઓ સાથે ભેદભાવ કરતા કે અન્યાય કરતા કોઈપણ કાયદા કે પગલાંને ચલાવી શકાય નહીં.

## ટાઈમલાઈન

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

૫. ગુજરાતને સિંધુ બેઝીનનું પાણી આપવા ઝૂંબેશ શરૂ કરાશે

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ –**

૧. કેનાલબેઝ અને રૂફટોપ સોલાર પોલિસીનો રાજ્યભરમાં અમલ
૨. પ્રત્યેક જિલ્લામાં સોલાર વીજળી સંચાલિત ગામોની રચના કરવી
૩. ગુજરાતમાં ડોમેસ્ટીક અને ઈન્ડસ્ટ્રીયલ ગેસ ગ્રીડનો વિસ્તાર બમણો
૪. ગરમ પાણીના ઝરામાંથી વિદ્યુત ઉત્પાદનની યોજનાઓ
૫. ગુજરાતમાં નવા પેટ્રોલિયમ કુવાઓની શોધ અને પ્રોત્સાહન

**ગુજરાત વિધાનસભા –**

૧. ગુજરાત વિધાનસભા વાયફાય ઝોન
૨. પ્રત્યેક ધારાસભ્યોને આઈપેડ અથવા લેપટોપથી સજ્જ કરવા
૩. પ્રશ્નોત્તરી ઓનલાઈન પ્રાપ્ત થાય તેવી સુવિધા ઉભી કરવી
૪. વિધાનસભાના દુર્લભ પુસ્તકોનું ડિઝિટલાઈઝેશન કરવું
૫. પ્રત્યેક રિપોર્ટ અને અહેવાલો ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા

**ગુજરાતના મહાનગરો માટેની યોજનાઓ –**

૧. ગુજરાતમાં છ ટ્વિનસિટીનો નવી ટેકનોલોજી આધારિત વિકાસ
૨. પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમમાં ખાનગીકરણને મહત્વ
૩. રેલ્વે,બસસ્ટેન્ડ,એરપોર્ટ ઉપર એડવાન્સ ટેક્સી ભાડુ ચૂકવવાની સિસ્ટમ
૪. જાહેર માર્ગોની બન્ને સાઈડે ગ્રીન સિટીનો કન્સેપ્ટ અમલી બનાવવો
૫. ગેરકાયદે બાંધકામો સામે કડક કાનૂનનો ઉપયોગ

**ગુજરાતમાં આ સમસ્યાઓ સર્જાઇ શકે છે:**

૧. માય ગવર્મેન્ટ- કન્સેપ્ટનો અભાવ,લોકોની સરકાર નથી હોતી
૨. તમામ જગ્યાએ ઘૂસી ગયેલી વચેટીયા પ્રથા દૂર કરવાનો પ્રોબ્લેમ
૩. બેકારી, ભ્રષ્ટાચાર અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુધરતી નથી
૪. સચિવાલયમાં પગાર પ્રમાણે કામ થાય તેનું મોનિટરીંગ તંત્રનો અભાવ
૫. વધતું જતું જાહેર દેવું અને વ્યાજ ઘટાડવાના પ્રયાસો થતાં નથી
૬. ખેતીની જમીન બિનખેતીમાં લઈ જવાથી ખેડૂતોની સમસ્યા
૭. શિક્ષણના વ્યાપારીકરણને રોકવાનો કોઈ ઉપાય રહ્યો નથી
૮. એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રીઝ અને સર્વિસ સેક્ટરને સરખું પ્રાધાન્ય નથી
૯. ગેરકાયદે બાંધકામોના કારણે શહેરોમાં પાર્કિંગની સૌથી મોટી અસુવિધા
૧૦. સોશ્યલ સાઈટનો દુરપયોગ વિકરાળ સમસ્યા ઉભી કરી શકે છે
૧૧. જિલ્લા અને તાલુકાકક્ષા સુધીના ભ્રષ્ટાચારને રોકી શકાતો નથી
૧૨. પ્રસિદ્ધિના અતિરેકથી સરકારની લોકપ્રિયતાને નુકશાન થશે